**સૂચનાઓ :**

- ટ્રાન્સપોર્ટેશન સુવિધા માટે ડ્રાઇવર પાસે એન્ડ્રોઇડ ફોન ફરજીયાત હોવો જોઇએ
- ટ્રાન્સપોર્ટ સુવિધા માટેનું દરખાસ્ત ફોર્મ આચાર્યશ્રી તેમજ સીઆરસીના ફોરવર્ડિંગ લેટર સાથે તાલુકા કક્ષાએ મોકલવાનુ રહેશે.
- ટ્રાન્સપોર્ટેશન સુવિધા શરૂ કરતા પહેલા એસએમસી/એસએમડીસીનો ઠરાવ કરી તેમાં નક્કી કરેલ વાહન તેમજ માલિકની વિગત દર્શાવવાની રહેશે.
- વાહનનુ ફિટનેસ સર્ટિફિકેટ ફરજિયાત શાળા કક્ષાએ હોવું જોઇએ.
- આરસી બુક, લાયસન્સ, ગાડીનો ફૂલ વિમાની ઝેરોક્ષ, પોલીસ વેરિફિકેશન તેમજ રૂ. ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર બાહેધરી પત્રક ફરજિયાત શાળા કક્ષાએ રાખવું. દરખાસ્ત સાથે ડ્રાઇવરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અને ગાડીનો નંબર પ્લેટ વાળો ફોટો આપવો.
- શાળામાં ટ્રાન્સપોર્ટેશનના બંને પેજ ઉપરની બાળકોની જ્ઞાતિ,ધોરણ વાઇઝ વિગત પૂરેપૂરી ભરીને આપવી અધુરી વિગતો વાળી દરખાસ્તો સ્વીકારવામાં આવશે નહીં.
- વ્હીકલ ટ્રેકીંગ સીસ્ટમમાં થયેલ ઓનલાઇન એંટ્રી મુજબ ચૂકવણું કરવાનું રહેશે.
- દરેક વાહન માટે અલગ-અલગ દરખાસ્ત કરવી.
- બાળકોની ચાઇલ્ડ પ્રોફાઇલ અને વાલી સંમતી ફરજિયાત શાળા કક્ષાએ રાખવા.
- **RTOની ગાઇડ લાઇન મુજબ નિયમોનુસાર ટ્રાન્સપોર્ટેશનના વાહનમાં વિધાર્થીને બેસાડવા.**
- ટ્રાન્સપોર્ટેશન માટે બંધ બોડી વાળુ વાહન હોવું જોઇએ
- વાહન 40 કિલોમીટરથી વધુ ઝડપથી ચલાવી શકાશે નહીં
- **ટ્રાન્સપોર્ટેશનમાં દરેક વાહન બે ફેરા કરી શકશે.તેનાથી વધારે ફેરા કરી શકશે નહી.**
- વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજિયાત હોવી જોઇએ
- વાહનો ઉપર માલિક ડ્રાઇવરનો ટેલીફોન નંબર શાળાના નામ વાળું ટ્રાન્સપોર્ટ સુવિધાનું બેનર લાગેલું હોવું જોઇએ

# :બાંહેધરી પત્રક:

હું /અમો નીચે સહી કરનાર વાહન માલીક/ડ્રાઈવર.................................. રહે ..................... બાહેધરી આપી લખી આપીએ છીએ કે મારું/અમારું વાહન ..................... રજિ.નં. .................... જે SMC/SMDCશાળા.................................... તા.:- ..................... દ્વારા ચાલુ કરવામાં આવનાર ટ્રાન્સપોર્ટેશન અંતર્ગત આપવામાં આવેલ મંજૂરી મુજબ શાળાના કુલ ............... બાળકોને લાવવા – લઈ જવા માટે બંધાયેલ છું.

હું બાંહેધરી લખી આપું છુ કે; સદર વાહનમાં ઘરથી શાળા સુધી આવતા બાળકોને હું મારા વાહનમાં નિયમિત સમયસર શાળામાં લાવીશ-લઈ જઈશ તેમજ બાળકની સુરક્ષાની જવાબદારી મારી/અમારી રહેશે .હું મારા વાહનમાં બાળકોને સુરક્ષિત રીતે બેસાડી ;સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોને વળગી રહી મારુ વાહન ચલાવીશ. જે દિવસે કોઈ કારણોસર બહારગામ જવાનું થશે તો, તે દિવસે હું અન્ય વાહનની સુવિધા કરી આપીશ. સાથે **મારા/અમારા વાહનમાં અમો સ્વખર્ચે ફરજીયાત સ્માર્ટ ફોન અને નેટ ચાલુ રાખીશુ અને** GPS **બેઝડ** Vehicle Tracking System(VTS) **ઓન લાઇન સિસ્ટમ અપલોડ કરી તેનો નિયમિત ઉપયોગ કરાવવાની ખાતરી આપી** આ બાહેધરી પત્ર લખી આપીએ/આપું છુ.

સ્થળ:- ..........................

તારીખ:- .......................

સહી:-.................................................

નામ :-................................................

**રૂબરૂ :-...............................................**

## SSA Vehicle Tracking System software

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત અને વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા આર.ટી.ઇ એક્ટર૨૦૦૯ અને એસ.એસ.એ ફ્રેમ વર્કની જોગવાઇ મુજબ જે વિસ્તારોમાં પ્રાથમિક શાળા ધોરણ-૧-થી-૫-નુંઅંતર-૧.કી.મીથી વધુ હોય અને ઉચ્ચત્તર પ્રાથમિક શાળા ધોરણ-૬ થી ૮નુ અંતર-૩-કી.મીથી વધુ હોય અને માધ્યમિક શાલાનુ અંતર ૫-કિ.મી.થી વધુ હોય તેવા-વિસ્તારોમાં-બાળકોને-શાળામાં-નિયમિત-આવવા/જવા માટે જિલ્લાની દરખાસ્ત-મુજબ-વાહનની-સુવિધા-ફાળવવા-માટે વર્ષ ૨૦૧૨ થી ટ્રાન્સપોર્ટ યોજના અમલમાં છે. ટ્રાન્સપોર્ટેશન યોજનાનું સંપૂર્ણ સંચાલન એસ.એમ સી/એસ.એમ.ડી.સી.દ્વારા કરવામાં આવે છે જેમાં અત્રેની કચેરીના તા.૧૧.૬.૨૦૧૮ના પત્રક્રમાંકઃએસએસએ/એએસ/૨૦૧૮/૧૯૬૫૦૬૮૭ અન્વયે આપવામાં આવેલ સુચના મુજબ સખીમંડળ/સ્વસહાય જુથો પાસેથી દરખાસ્ત મેળવી ટ્રાન્સપોર્ટેશન સુવિધાઓ મહિલાઓ દ્વારા ચલાવવામાં આવે અને જો તેમ થાય તો સખી મંડળની બહેનોને રોજગારી મળી રહે તે હેતુથી સરકારશ્રી દ્વારા આ સુચનાઓ આપેલ છે .

SSA Vehicle Tracking System software એ રાજ્ય સરકારનો એક મહત્વકાંક્ષી કાર્યક્રમ છે જેના દ્વારા દરેક કક્ષાએથી એટલે કે રાજ્ય કક્ષાએથી, જિલ્લા કક્ષાએથી અને બ્લોક કક્ષાએથી પણ બાળકોને લઇ જતા લાવતા વાહનો ઉપર રિયલટાઇમ મોનિટરીંગ કરવાનો હેતું છે. અને બાળકોની સલામતી, ઓવરસ્પીડીંગ, રૂટ ચકાસણી, SOS સિસ્ટમ વગેરે બાબતોનું મોનિટરીંગ થઇ શકે અને મહિનાને અંતે જનરેટ થતા રિપોર્ટના આધારે વાહન ચાલકોને ચુંકવણી થઇ શકે.

વર્ષ૨૦૧૭-૧૮માંSSA Vehicle Tracking System softwareનું પાયલટ પ્રોજેક્ટનું અમલીકરણ ગાંધીનગર તેમજ દરેક બ્લોકમાંથી એક-એક વાહનને સાંકળીને કરવામાં આવેલ હતું .ત્યાર બાદ આયોજના સમગ્ર રાજ્ય માટે અમલી બની રહી છે ત્યારે આ બાબતે નીચે મુજબની સ્પષ્ટતાઓ/સુચનાઓ આપવી જરૂરી છે.

1. આ એપ્લિકેશન એસ.એસ.એમાં વાહન વ્યવસ્થા માટે છે.
2. એપ્લિકેશન વાહનના ડ્રાઇવરે પોતાના એંડ્રોઇડ સ્માર્ટ ફોનમાં ડાઉનલોડ કરવાની છે. માટે દરેક ડ્રાઇવર પાસે એંડ્રોઇડ સ્માર્ટ ફોન હોવો જરૂરી છે અને એસ.એમ.સી/એસ.એમ.ડી.સી.કક્ષાએ આ બાબત સુનિશ્ચિત કરવી જરૂરી છે. વાહન ચાલકના એન્ડ્રોઇડ ફોનમાં ઇન્ટરનેટ અને GPS હોવું જરૂરી છે.
3. સપોર્ટેડફોન :Samsung, OPPO, MI, Vivo, Motorola, Lenovo, Micromax, Panasonic, Asus OS version: +5.0
4. એસ.એમ.સી/એસ.એમ.ડી.સી. દ્વારા જ એ વાહન ડ્રાઇવરની ફેસિલિટી નક્કી કરવામાં આવે તે વાહન ચાલકના મોબાઇલમાં એસ.એમ.સી/એસ.એમ.ડી.સી.શાળાના સભ્યસચિવ એટલે કે મુખ્ય શિક્ષકે ગુગલ પ્લેસ્ટોરમાં જઇ SSA Driver application ઇન્સ્ટોલ કરી આપવાની રહેશે) .લિંક ડાઉનલોડ એપ્લિકેશન :https://play.google.com/store/apps/details?id=in.ssavts

- Step : 1 એપ્લિકેશનડાઉનલોડકરો .
- Step :2 એપ્લિકેશનઇન્સ્ટોલકરવી .
- Step: 3 એપ્લિકેશન ઇન્સ્ટોલ થયા બાદ એસ.એસ.એ. ના લોગો વાળા બટન પર ક્લિક કરવું.

- Step: 4 જી.પી.એસ .ઓનકરીલોકેશનફિક્સકરવું.
- Step :5 ડ્રાઇવરે રજીસ્ટર મોબાઇલ પર મળેલ ઓ.ટી.પી. ના આધારે લોગીન થવું.

વાહન ચાલક જ્યારે બાળકોના ઘરથી શાળામાં અને શાળાથી ઘર જવાની સફર શરૂ કરશે ત્યારે એપ્લિકેશન દ્વારા ડ્રાઇવર વાહનની જગ્યા નિશ્ચિત કરશે.

5. ડ્રાઇવરને દરેક વિદ્યાર્થીની હાજરીની એપ્લિકેશનમાં એન્ટ્રી કરવાની રહેશે બાળકોને લેવા/મૂકતા સમયે આ એપ્લિકેશન વિવિધ સૂચનાઓ ઉભી કરશે, જેમ કે વધુ ઝડપ,જિયોફેંસિંગ જેના દ્વારા તેઓ બાળકોની ઘરની જગ્યા તેમજ શાળાની જગ્યા અને ટૂંકામાં ટૂંકો રસ્તો વગેરે બાબતો જાણી શકશે .એસ.એમ.સી ./શાળા આએપ્લિકેશન મારફતે બાળકોની સુરક્ષા માટે ડ્રાઇવર પર નજર રાખી શકશે .આએપ્લિકેશનનો ઉપયોગ કરવા માટે ડ્રાઇવરના મોબાઇલ જી.પી.એસ.નું કામ કરવું આવશ્યક છે .સંજોગો વસાત જો મોબાઇલ ઇન્ટરનેટના કવરેજમાં ન હોય તો પણ જી.પી.એસ . સિસ્ટમ કામકરતી રહે છે અને જ્યારે મોબાઇલ ઇન્ટરનેટના કવરેજમાં આવે ત્યારે ઓટોમેટિક તમામ રિપોર્ટ જનરેટ કરે છે.એપ્લિકેશન ઇન્સ્ટોલ અને લોગઇન
6. મુખ્યશિક્ષક/આચાર્યે પોતે પણ પોતા ના મોબાઇલમાં પણ SSA Vehicle Tracking System softwareઆ એપ્લિકેશન ડાઉનલોડ કરવાનું છે.
7. ત્યાર બાદ લોગઇન થઇ અને બાળકોની વિગતો ધોરણવાર સિલેક્ટ કરી વિગતો ભરવી તેમજ શાળાના વાહન દીઠ ડ્રાઇવરના યુજર નેમ અનેપાસવર્ડ મેળવીને રાખવા.
8. મુખ્ય શિક્ષક એ વાહન અને ડ્રાઇવરની વિગતો અપડેટ કરી ઓનલાઇન કરવી.
9. આ સાથે SSA Vehicle Tracking System software**નુંવિગત વાર યુઝરમેન્યુઅલ પણ સામેલ રાખેલ છે જે ની સોફ્ટકોપી તમામ બી.આર.સી/.સી.આર.સી/.મુખ્યશિક્ષક/વાહન ચાલક સુધી પહોંચે તે સુનિશ્ચિત કરશો .**
10. SSA Vehicle Tracking System software **અંતર્ગત મળતા જુદી-જુદી કક્ષાના રિપોર્ટ પરથી તાલુકા કક્ષાએથી અને જિલ્લાકક્ષાએથી રિપોર્ટ જનરેટ કરી મોનિટરીંગ અને વાહનની નિયમિતતાને આધારે એસ.એમ. સી દ્વારા જે તે વાહનને બાળક દીઠ નિયત કરવામાં આવેલ રકમનું ચુંકવણું કરવાનું રહેશે.**આસોફ્ટ વેર એપ્લિકેશનની મદદ લઇ રાજ્ય સરકારની ટ્રાન્સપોર્ટેશન યોજનાનું ૧૦૦ %સઘન અને પારદર્શિ મોનિટરીંગ જિલ્લા/કોર્પોરેશન/બ્લોક કક્ષાએ થાય.

આ એપ્લીકેશન મોબાઇલ આધારીત (GPS-BESED LIVE TREKING) એપ્લીકેશન છે. જેની વિશેશતાઓ નીચે મુજબ છે.

1. દરેક વાહનનુ લાઇવ ટ્રેકીંગ થાય છે.
2. વિધાર્થીઓની હાજરીનુ મોનીટરીંગ થઇ શકે છે.
3. એસ.ઓ.એસ.સીસ્ટમના કારણે અકસ્માતની મુશ્કેલીમાં બાળકના વાલીને મેસેજ જાય છે.
4. ઓવર સ્પીડ વાહનોની વિગતો મળેછે.
5. વાહનની આર.ટી.ઓ. સંબધીત વિગતો મળે છે.
6. વાહન ચાલકને ચૂકવણુ પણ ઓટો જનરેટ સીસ્ટમને આધારે કરવામાં આવે છે.
7. વાહનોનુ જિલ્લા અને રાજ્ય કક્ષાએથી ડેસ્ક બોર્ડ્ના આધારે લાઇવ મોનીટરીંગ થાય છે.

## ❖ ટ્રાન્સપોર્ટેશન સુવિધા માટેની માર્ગદર્શિકા:-

### ➢ એસ.એમ.સી./એસ.એમ.ડી.સી.કક્ષાએથી કરવાની કામગીરી:-

1. શાળા કક્ષાએ ટ્રાન્સપોર્ટેશન માટેની મળેલ નીયત ફોર્મેટમાં નિયમોનુસાર દરખાસ્ત તૈયાર કરી ક્લસ્ટર કક્ષાએ આપવી.
2. જે બાળકો માટે બજેટમાં દરખાસ્ત કરેલ હોય તે બાળકોની વિગતો સાથે નિયત ફોર્મેટમાં દરખાસ્ત કરી ક્લસ્ટર કકસાએ આપવાની રહેશે.
3. **વિધાર્થીના રહેઠાણથી નજીકમાં સરકારી પ્રાથમિક શાળા/માધ્યમિક શાળા હોય અને તેનાથી દૂરની સરકારી શાળામાં જવા માગતો હોય તેવા કિસ્સામાં ટ્રાન્સપોર્ટેશન મળવા પાત્ર રહેશે નહી.**
4. શાળામાં ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો શરૂ કર્યાનો રીપોર્ટ ક્લસ્ટર કક્ષાએ,તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ કરવો.
5. **ટ્રાન્સપોર્ટેશન સુવિધા માટે NCPCR ની ગાઇડ લાઇનનુ ચૂસ્ત પણે પાલન કરવાનુ રહેશે.**
6. જે વિસ્તારમાં લોકલ ટ્રાન્સપોર્ટ કે સ્ટેટ ટ્રાન્સપોર્ટની સુવિધા પ્રાપ્ય નથી તેવા વિસ્તારના RTO માન્ય બંધ બોડીના ટ્રાન્સપોર્ટેશન વાહન, માન્ય ટ્રાવેલ્સ, માન્ય વાહનનો ઉપયોગ બાળકોને સાનુકુળ રહે તે મુજબ વાહન ચાલકોમાં કંપનીનો તમામ વિગતો (નામ,સરનામું.ફોન નં.)સાથે આપવાની રહેશે.
7. બાળકોના ટ્રાન્સપોર્ટેશન માટે થયેલ ચૂકવવાના બિલો,વાઉચર,રસીદોનો રેકોર્ડ એસએમસી કક્ષાએ રાખવાનો રહેશે અને આ ચુકવણું ચેક મારફત જે તે વાહન માલિકના નામ જોગ કરવાનો રહેશે.
8. જે બાળકો માટે ટ્રાન્સપોટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવાની હોય તે બાળકોની વિગતો અને મુસાફરી કાર્ડની વિગતો પણ રાખવાની રહેશે.
9. ટ્રાન્સપોટેશન યોજનાનો લાભ મેળવતા બાળકોની ફોટોગ્રાફ વાળી ચાઇલ્ડ પ્રોફાઈલ નિભાવવાની રહેશે.
10. શાળા કક્ષાએ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ટ્રાન્સપોટેશન યોજનાનો લાભ મેળવનાર બાળકોનો નવી ફાઈલ નિભાવવાની રહેશે. તેમજ બાળકોનું હાજરીપત્રક નિયમિત નિભાવવાનું રહેશે.
11. દરેક શાળામાં આવતા બાળકોને શાળાએ લાવવા અને ઘરે લઇ જવા માટે ઉપયોગમાં લેવાતી ઓટોરીક્ષા/મારુતિ વાન/ફોરવ્હીલર માટે ફિટનેસ સર્ટીફીકેટ અને પરમીટ છે કે કેમ ? તેની ખાતરી કરી તેની નકલ રાખે અને તેને સમયાંતરે વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ વાર અપડેટ કરવામાં આવે.
12. **દરેક વાહન ચાલકે GPS બેઝડ** Vehicle Tracking System(VTS) **નો ફરજીયાત ઉપયોગ કરવાનો રહેશે અને દરેક વાહન ચાલકે સ્માર્ટ મોબાઇલ ફોન હોવો જોઇએ અને નેટ ચાલુ હોવુ જોઇએ તે ફરજીયાત રહેશે.**
13. **ટ્રાન્સપોર્ટેશનનુ ચૂકવણુ GPS બેઝડ** Vehicle Tracking System(VTS)**ની હાજરી પ્રમાણે કરવાનુ રહેશે.**
14. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનુ ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.
15. વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરીના તા:-૦૩/૦૩/૨૦૦૬,તા:-૨૦/૦૬/૨૦૦૬ અને તા:-૧૨/૦૬/૨૦૧૯ના પરિપત્રની સુચના તેમજ શાળાઓમાં પરિવહન બાબતે શિક્ષણ વિભાગના તા:-૦૧/૦૨/૨૦૧૬ના પ.ક્ર.પીઆરઇ/૧૨૧૬/સીસી-૯૨/કની સુચના અને ગાઇડલાઇન આપવામાં આવેલ છે સમગ્ર શિક્ષા ગાંધીનગરના તા:-૦૩/૦૨/૨૦૧૬,તા:-૦૬/૦૩/૨૦૧૭,તા:-૨૨/૧૧/૨૦૧૭,તા:-

૧૮/૦૫/૨૦૧૮,તા:-૧૩/૦૫/૨૦૧૯,તા;ઈ૧૨/૦૩/૨૦૨૦,તા:-૨૪/૦૨/૨૦૨૧,તા:-૦૨/૦૫/૨૦૨૨ના પત્રોથી તમામ જિલ્લા અને કોર્પોરેશનને ગાઇડલાઇન અને સુચનાઓ આપવામાં આવેલ છે.વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરીના પરીપત્રો,શિક્ષણ વિભાગ અને સમગ્ર શિક્ષા ગાંધીનગરના પત્રોની સુચનાઓ અને ગાઇડલાઇનનુ પરિવહન સુવિધાઓનો લાભ લેતી શાળાઓએ તેનો ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

16. ઓટોરીક્ષા/મારુતિ વાન/ફોરવ્હીલરમાં જે બાળકો આવે છે તેઓના વાલીઓને શાળામાં બોલાવી બાળકોની સલામતી અને સગવડ સચવાય તે માટે ઓટોરીક્ષા/મારુતિ વાન/ફોરવ્હીલર વાહન ચાલકોની માહિતીથી વાલીઓ પણ પરીચિત રહે તેમાટે એક અઠવાડિયા દરમિયાન વાલીની મીટીંગ બોલાવી જાગૃતિ લાવવામાં આવે.
17. **RTOની ગાઇડ લાઇન મુજબ નિયમોનુસાર ટ્રાન્સપોર્ટેશનના વાહનમાં વિદ્યાર્થીને બેસાડવા.**
18. સ્કુલના બાળકોને ભાડેથી લઇ જતા દરેક વાહનની આગળ અને પાછળ સ્કૂલ રીક્ષા અને સ્કુલ વાન એમ સ્પષ્ટ અને મોટા અક્ષરે લખાયેલું હોવું જોઇએ. વાહનની દરેક બાજુએ પીળા બેક ગ્રાઉડ ઉપર લાલરંગમાં સ્કુલ વાન લખેલું હોવું જોઇએ.
19. જો આ વાહન બાળકો માટે ભાડેથી ફરતું હોય તો તેના પર સ્કુલ વર્ધી એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખાણ હોવું જોઇએ
20. દરેક વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજીયાત પણે હોવી જોઇએ. શાળાએ સમયાંતરે આ બાબતે ખાતરી કરવાની રહેશે
21. દરેક વાહનમાં જરૂરી અગ્નિશામક સાધનો ફરજીયાત રખાય તેની સૂચનાનું પાલન થયેલ છે કે કેમ તેની ખાતરી શાળાએ પણ કરવાની રહેશે.આવા વાહન ઉપર તેના માલિકનું નામ અને ટેલીફોન કે મોબાઇલ નંબર અવશ્ય લખેલા હોવા જોઇએ.
22. સ્કુલ વાહન બારણા સારી ગુણવત્તાવાળા લોકથી બંધ થાય તેવા એટલે કે બાળકોની સલામતીને અનુરૂપ અચૂક હોવા જોઇએ.
23. દરેક ઓટોરીક્ષા/મારુતિ વાન/ફોરવ્હીલર વાહનમાં સ્કૂલ બેગ સલામત રાખવા માટે જરૂરી જગ્યા રાખવી જોઇએ.
24. સીટ કુશન સાદી સપાટીવાળું હોવું જોઇએ વાકાચુકી સપાટીવાળું હોવું જોઇએ નહિ .
25. વાનમાં ઉતારું કમ્પાર્ટમેન્ટમાં બારીઓ એવી ડીઝાઇનવાળી જાળીથી કાયમી રીતે બંધ કરવી જોઇએ કે જેથી જાળીમાંથી બાળકોના શરીરનો કોઇ ભાગ બહાર આવી શકે નહિ.
26. વાહનમાં બલ્બ હોર્ન બેસાડેલું હોવું જોઇએ અને તે ચાલુ હાલતમાં હોવું જઇએ.
27. આવું વાહન ૪૦ કિમીથી વધુ ઝડપે ચલાવી શકાશે નહિ.વાહન કોઇ સંજોગોમાં બગડે તો બીજા વાહનની વ્યવસ્થા કરવાની રહેશે.જે દિવસે વાહન નહિ આવે તો તે દિવસનુ ચૂકવણુ કરી શકાશે નહિ.
28. વાહનમાં બાળકોના દફતર વાહનની કોઇપણ સાઇડે બહાર લટકાવી શકશે નહિ.
29. ડ્રાઈવરની સીટ ઉપર કોઇપણ બાળકોને બેસાડી શકાશે નહિ.
30. ટ્રાન્સપોટેશન માટે નક્કી કરેલ વાહનનો ચાલુ વર્ષનો ફૂલ વીમો હોવો જોઇએ. જેની નકલ એસએમસીમાં રાખવાની રહેશે.
31. ડ્રાઇવરનું પોલીસ વેરીફીકેશન ફરજીયાત એક માસની સમય મર્યાદામાં કરાવવાનું રહેશે.
32. આરટીઓ કચેરીના શાળા પરિવહન માટેના નિયમો અને સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.ટ્રાન્સપોર્ટેશનમાં કોમર્શિયલ પેસેન્જર વાહનનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉપરોક્ત મુદ્દાઓ અંગે શાળા કક્ષાએ આચાર્યશ્રી અને એસએમસી દ્વારા ચુસ્ત અમલ થાય તે જોવાનું રહેશે.

- **ટ્રાન્સપોર્ટેશન માટે પ્રાથમિક (ધોરણ-૧ થી ૮)શાળાના બાળકો માટે GOI બજેટ માં ભૌતિક લક્ષાંક સિધ્ધ થાય અને બીજા વધુ વિધાર્થી માટે ટ્રાન્સપોર્ટેશનની જરૂરીયાત હોય તો અત્રેની કચેરીને પત્ર દ્વારા માંગવાની રહેશે.**